અપીલ અરજી નં.૫૦ તા.૧૦–૫–૧૦/૧૧

અરજદાર:– શ્રી દેસાઈ નિતેષકુમાર નટવરલાલ
સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દેસાઈ નિતેષકુમાર નટવરલાલની તા.૨૫–૩–૧૦ની અરજીથી (૧) ઉધના ત્રણ રસ્તા ખાતે જે.પી. બેકરીની બાજુમાં લોહાર ફળિયામાં ચાલતા ત્રણ માળના બાંધકામ બાબતે અત્યાર સુધીમાં આરટીઆઈ એકટ હેઠળ કે અન્ય કોઈ કેટલી અરજીઓ આવેલી છે તેની નકલો સહિતની વિગત આપશો. (૨) આ અરજીઓ વિરૂધ્ધ આપના વિભાગે અન્યાર સુધીમાં શી–શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૫–૧૦ ની **SMC/FAP/** નં.૫૦/૨૦૧૦–૧૧

શ્રી દેસાઈ નિતેષકુમાર નટવરલાલની તા.૨૫–૩–૧૦ની અરજીથી (૧) ઉધના ત્રણ રસ્તા ખાતે જે.પી. બેકરીની બાજુમાં લોહાર ફળિયામાં ચાલતા ત્રણ માળના બાંધકામ બાબતે અત્યાર સુધીમાં આરટીઆઈ એકટ હેઠળ કે અન્ય કોઈ કેટલી અરજીઓ આવેલી છે તેની નકલો સહિતની વિગત આપશો. (૨) આ અરજીઓ વિરૂધ્ધ આપના વિભાગે અન્યાર સુધીમાં શી–શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને  તા.૧૦–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૨૩૫ તા.૧૯–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૮૬ તા.૨૬–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.સા.ઝોન/ટેક/૧૯૩ તા.૩–૪–૧૦ ના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૫–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જે ના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૧૯૩ તા.૩–૪–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) ઉધના ત્રણ રસ્તા ખાતે જે.પી. બેકરીની બાજુમાં લોહાર ફળિયામાં ચાલતા ત્રણ માળના બાંધકામ બાબતે અત્યાર સુધીમાં આરટીઆઈ એકટ હેઠળ કે અન્ય કોઈ કેટલી અરજીઓ આવેલી છે તેની નકલો સહિતની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ સદર પ્રશ્નવાળી મિલ્કતના બાંધકામ સબબ આવેલ અરજીની નકલ ના રૂા.૬/– ભર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ. (૨) આ અરજીઓ વિરૂધ્ધ આપના વિભાગે અત્યાર સુધીમાં શી–શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતનું બાંધકામ સુરત નવસારી રોડ '૨૦૦'લાઈનદોરીમાં કપાત બાદનું બાંધકામ થયેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ આ બાંધકામ શરૂ થયું ત્યાર બાદ અત્યાર સુધીમાં આપના વિભાગના કયા કયા અધિકારીએ આ બાંધકામનું નિરીક્ષણ કરેલ છે તેના અધિકારીઓના નામ સરનામા અને નિરીક્ષણ કર્યાની તારીખ સહિતની વિગતો આપશો. મુદ્દા નં.૪ ગેરકાયદે ઉભા થતા આ બાંધકામ બાબતે બાંધકામ રોકવા બાબતે કે અન્ય કોઈ કારણસર ઝોનલચીફ અથવા ઝોનલઅધિકારી ધ્વારા અન્ય અધિકારી/કર્મચારીને જે જે આદેશ આપ્યા હોય તે આદેશ પત્રની નકલ આપશો તથા આ આદેશ બાદ શી શી કાર્યવાહી થઈ તેની વિગતવાર માહિતી આપશો. જે બાબતે અરજદારે તા.૧૦–૫–૧૦ ના રોજ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૯૩ તા.૩–૪–૧૦ થી મુદ્દા નં.૧ અને ૨ બાબતે માહિતી આપવામાં આવેલ છે જે માહિતી રૂા.૬/– ભર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ છે જયારે મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આપેલ જણાતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૩ –૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ અને ૪ અંગે નહી પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૧ અને ૨ની માહિતી જાહેર માહિતી અધિકારીએ ઠરાવેલ ફી ભરપાઈ કરી અરજદારને મેળવવા જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), . ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી દેસાઈ નિતેષકુમાર નટવરલાલ,